# વિશ્વમાં સહકારી પ્રવૃત્તિ અને ડેરી વ્યવસાય

**[1] હેમાલી એ. દેસાઇ, [2] ભાવનાબેન કે. પટેલ**
[1] આચાર્યા , [2] સંશોધક, રોફેલ કોલેજ વાપી, વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી, ગુજરાત
Email - bhavnapatel4015@gmail.com

**સારાંશ:** પરસ્પર સહાય એટલે સહકાર. સહકાર એ સંયુકત વેપાર માટેનું એક સંગઠન છે. કોઇપણ કાર્યનું સંચાલન નિસ્વાર્થ ભાવે ચાલે છે. ભારતના લોખંડી મહાપુરૂષ સરદાર વલ્લભભાઇ પટેલે કહ્યું છે કે, "કોઇપણ સહકારી સંસ્થા સંગઠીત સ્વરૂપે ચાલે તો ચોક્કસ તે સફળતાના શિખર સર કરે."

**સૂચક શબ્દ :** ડેરી વ્યવસાય, સહકારી વિકાસ, દુધાળા પશુઓ.

## 1. પ્રસ્તાવના:

સહકાર એ બધાના ભલામાં સ્વના ભલાના આદર્શ વિચારને રજૂ કરતું તત્વ છે. ભારતીય સમાજ અને સંસ્કૃતિ એકબીજાની સાથે પરસ્પર સંકળાયેલ છે. અને આ પરસ્પર સહાયનું બીજું નામ એટલે સહકાર. "સહકાર" એ એકબીજાની મદદથી થતા સ્વાશ્રયની યોજના છે.

"All for Each and Each for All" એ સહકારનો જીવનમંત્ર છે.

સહકાર એ જીવન ધોરણને આગળ વધારવા માટેનું પોતાનું કૃત્ય છે. સમગ્ર માનવપ્રાણી જગત્માં સ્વજન માટે સહકાર પ્રવર્તી રહ્યું છે.

## 2. સહકારનો અર્થ:

મનુષ્ય જીવન માટે સહકારએ પ્રેરકબળ તરીકેનું કાર્ય કરે છે. એટલું જ નહિ પરંતુ તે સફળતાને આગળ લઇ જવા માટેનું કારણ પણ છે. તેથી મનવી સફળતાને પ્રાપ્ત કરવા માટે પ્રયત્નશીલ રહે છે. તેમાં એકબીજાના સહકારની અનિવાર્યતાને સ્વીકારતો આવ્યો છે. આર.એચ.ફ તેમના પુસ્તક કો-ઓપરેશન એટ કોમ એન્ડ એબ્રોડમાં સહકારની વ્યાખ્યા આપે છે. સહકાર એ સંયુકત વેપાર માટેનું એક સંગઠન છે. તેનો ઉદ્ભવ આર્થિક રીતે નિર્બળ લોકો દ્વારા થાય છે. તેમનું સંચાલન નિસ્વાર્થ ભાવે થાય છે. તેમજ તે તેવી રીતે કરવામાં આવે છે. કે સભ્યો પોતાની સભ્ય તરીકેની ફરજો જેટલા પ્રમાણમાં બજાવે છે. અથવા જેટલા પ્રમાણમાં મંડળનો ઉપયોગ કરે છે. તેટલા પ્રમાણમાં તેનો લાભ લઇ શકે છે.

ભારતના લોખંડી મહાપુરૂષ સરદાર વલ્લભભાઇ પટેલે કહ્યું છે કે,"કોઇપણ સહકારી સંસ્થા સંગઠીત સ્વરૂપે ચાલે તો ચોક્કસ તે સફળતાના શિખર સર કરે."

## 3. વિશ્વમાં સહકારી પ્રવૃત્તિનો ઇતિહાસ:

ઈગ્લેન્ડમાં ઈ.સ.1750 થી 1850 સુધીનો સમય ઔદ્યોગિક ક્રાંતિનો ગણી શકાય. ઈગ્લેન્ડમાં સહકારી પ્રવૃત્તિનો મુળ વિચારક રોબર્ટ ઓવડી હતો. ઈગ્લેન્ડમાં લેકશાયર વિસ્તારમાં સુતરાઉ ગરમ કાપડની મિલોનું મથક હતું. ત્યાં કામદારો બેકાર બન્યા. મિલના વેતનના દર અઠવાડિયાના 6 પેન્સ હતા. કમદારોની સ્થિતિ વધુ વિષમ હતી. તેમની આર્થિક સ્થિતિ સુધારવાના ઉમદા ધ્યેયથી 1844 માં 28 કલાકારો ભેગા થયા અને રોશડેલ સોસાયટી ઓફ પાયોનિયર્સની સ્થાપના સાથે વિશ્વમાં સહકારી પ્રવૃત્તિનો પ્રારંભ થયો. શરૂઆતના તબક્કાઓમાં તેઓ ઘી, માખણ, છાશ વગેરેનું વેચાણ કરતા હતા.

ત્યારબાદ 1847માં જર્મની, ડેનમાર્ક 1882, આર્યલેન્ડ 1889માં સહકારી પ્રવૃત્તિઓની સ્થાપના થઇ. વિશ્વમાં કુલ સહકારી મંડળીઓ જે 1954માં 10,60,000, 2012-13માં 17,59,675 તેમજ 2015-16માં 18,72,986 જેટલી થવા પામી છે.

## 4. ભારતમાં સહકાર પ્રવૃત્તિઓનો ઇતિહાસ:

બ્રિટીશ શાસન દરમિયાન ભારતીય ગ્રામીણ વ્યવસ્થા તેમજ ઉદ્યોગો તુટવા માંડયા. ખેડુતોની સ્થિતિ પણ કથિત બની હતી. ઉદ્યોગોનો વપરાશ અને વિકાસ થતા ખેડુતોની સ્થિતિ વધારે ભાંગી પડી. આ પરિસ્થિતિ 1870 થી 1900 સુધીમાં વધારે વિકટ બની.

1880, 1808, 1901 અને 1980 ની સાલમાં દુકાળ પડયા. 1901ની દુકાળ સમિતિએ આવી ધિરાણ મંડળીની સ્થાપનાની ભલામણ સાથે તે વખતના વાઈસરોય કોર્ડ કર્ઝને સર એડવર્ડ લોમા પ્રમુખપણા નીચે એક કમિટી નીમી. 1904 માં જૂના વડોદરા રાજ્યના અમરેલી જિલ્લાના કોડીનાર તાલુકામાં સહકારી પ્રયાસનો એક અખતરો કરવામાં આવ્યો હતો. ઈ.સ. 1904, 1912 અને 1919માં સહકારી કાયદો અસ્તિત્વમાં આવ્યો અને તેના 100 વર્ષ (1904-2004) પૂરા કર્યા છે. કુલ સહકારી મંડળીઓ 1950માં 1.80 લાખ હતી. તે વધીને 2003માં 5,45,000 જેટલી થઈ છે. અને સહકાર હેઠળ સો ટકા ગામડાઓને આવરી લેવામાં આવ્યા છે.

### 5. ગુજરાતમાં સહકાર પ્રવૃત્તિનો ઈતિહાસ:

ઈ.સ.1904 ના કાયદા હેઠળ ગુજરાતમાં અમદાવાદ જિલ્લાનું વિસરપુર ગામની શરાફી મંડળી હતી. પછી દેગામા શરાફી મંડળી રચવામાં આવી હતી. 1912માં સહકાર મંડળીઓનો કાયદો પસાર કરવામાં આવ્યો આમ ગુજરાતમાં કુલ સહકાર મંડળીઓ 1960માં 13,109 હતી. તે 2003 માં 58,000, 2007-08 માં 61,532, 2010-11 માં 63,978, 2016-17માં 65,569 જેટલી થઈ છે.

### 6. વિશ્વમાં સહકારી ડેરી વ્યવસાય:

1864 માં ડેનીસ અને જર્મની વચ્ચેના યુદ્ધના કારણે અમુક સમય બાદ અન્ય દેશો સામે ખેતી પેદાશની નિકાસમાં ટકવાનું મુશકેલ બન્યુ. પરિણામે પશુપાલન ડેરી વ્યવસાયને વિકસાવવામાં આવ્યો. પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલ ખેડુતોએ સંગઠિત બની ડેન્માર્કમાં પહેલી સહકાર ડેરી મંડળી 1882 માં શરૂ કરી.

વિશ્વમાં દર વર્ષે 840 મિલિયન ટન દુધ ઉત્પાદન થાય છે. જેમાં 88 ટકા જેટલું દુધ ગાયનું છે. જ્યારે બાકીનું ભેંસ, ઘેટા, બકરીનું છે. ભારત 1998 થી દુધ ઉત્પાદનમાં વિશ્વમાં સૌથી વધુ અને સૌથી ઝડપથી દુધ ઉત્પાદન કરતા દેશ તરીકે આગળ આવી અમેરિકાને પણ પાછળ કરી દીધો છે. ભારતે 2000-01 દરમિયાન અંદાજે 81.4 મિલિયન ટન દુધનું ઉત્પાદન કર્યું હતું. જ્યારે અમેરિકાએ 75 મિલિયન ટન દુધનું ઉત્પાદન કર્યું હતું. 2006 માં 92.48 મિલિયન ટન, 2010માં 121 મિલિયન ટન, 2015 માં 218 મિલિયન ટન દુધનું ઉત્પાદન કર્યું હતું. ભારતનો વિશ્વના કુલ દુધ ઉત્પાદનમાં 13 ટકા કરતા વધુ અને એશિયામાં કુલ દુધ ઉત્પાદનમાં 57 ટકાનો ફાળૉ છે.

વિશ્વની માથાદીઠ દુધ વપરાશ વાર્ષિક 180 કિ.ગ્રામ છે. જ્યારે ભારતની 80 કિ.ગ્રામ છે. જ્યારે દૈનિક 227 ગ્રામ છે. ગ્રામીણ ક્ષેત્રે માથાદીઠ દુધ વપરાશનું પ્રમાણ વાર્ષિક 52 કિ.ગ્રામ છે. જ્યારે શહેરી ક્ષેત્રે 128 ગ્રામ છે.

**કોષ્ટક-1.1**

**વિશ્વના દેશોમાં ગાયના દુધનું ઉત્પાદન અને વસ્તી (દુધનું ઉત્પાદન મિલિયન ટનમાં વસ્તી મિલિયનમાં)**

| દેશનું નામ | 2010 | 2011 | 2012 | 2013 | 2014 | 2015 | 2016 | 2016 વસ્તી |
|---|---|---|---|---|---|---|---|---|
| યુરોપિયન યુનિયન | 147. 764 | 150. 087 | 152. 248 | 158. 334 | 161. 693 | 158. 156 | 150. 547 | 510. 279 |
| યુરોપ | 60. 639 | 60. 266 | 60. 925 | 59. 753 | 59. 896 | 59. 815 | 59. 671 | 243. 985 |
| ઉત્તર અમેરિકા | 95. 732 | 97. 421 | 99. 575 | 99. 952 | 101. 866 | 102. 70 | 103. 877 | 358. 594 |
| દક્ષિણ અમેરિકા | 75. 025 | 78. 179 | 78. 582 | 79. 952 | 81. 112 | 80. 772 | 76. 704 | 638. 825 |
| ઓકોનિયા | 26. 101 | 26. 511 | 28. 682 | 29. 062 | 30. 931 | 31. 497 | 30. 458 | 40. 117 |
| એશિયા | 99. 726 | 105. 014 | 110. 222 | 114. 725 | 120. 694 | 128. 617 | 129. 398 | 1925. 157 |

www.worldmilk production population.com.

**ભારતમાં સહકારી ડેરી વ્યવસાય:**

ભારતીય વૈદિક સાહિત્યમાં ગોપાલ વિશે વાત કરવામાં આવેલ છે. દરેક કુંટુબ લોતાની જરૂરીયાતો પુરી કરવા ગાયો પાલતુ પરંતુ ત્યારે ડેરી વ્યવસાયનો વિકાસ થયો ન હતો. 1981 માં અલ્હાબાદ ખાતે પશુ ઉછે કેન્દ્રની સ્થાપના કરવામાં આવી. 1923 માં ઈમ્પિરીયલ ડેરી નિયામકની નિમણૂક થઈ. 1941 માં બેગ્લોર પશુ ઉછેર કેન્દ્રને ઈમ્પિરીયલ ડેરી રિસર્ચ ઈન્ડસ્ટ્રીઝમાં ફેરવવામાં આવ્યું. આણંદમાં પોલિસિન ડેરી સ્થાપવામાં આવી.

**કોષ્ટક-1.2**

**ભારતમાં દુધનું ઉત્પાદન**

| વર્ષ | દુધ ઉત્પાદન (મિલિયન ટન) | વ્યકિતદીઠ દરરોજનું પ્રાપ્ત થતું દુધ (ગ્રામમાં) |
|---|---|---|
| 2011-12 | 127.9 | 290 |
| 2012-13 | 132.4 | 299 |
| 2013-14 | 137.7 | 307 |
| 2014-15 | 146.3 | 322 |
| 2015-16 | 135.3 | 337 |
| 2016-17 | 165.5 | 355 |

Source : Department of Animal Husbandry.
Dairy & Fisheries Ministry of Agriculture.Guj.

ભારતમાં કુલ ઉપયોગ પશુધનની સંખ્યા 2016-17 પ્રમાણે 9,62,800 છે. તેમાં ગૌવંશ 6,52,563 તથા ભેંસ 3,10,237 છે. દુધના કુલ ઉત્પાદનમાં ગાયના દુધનું ઉત્પાદન 55 %, જ્યારે ભેંસના દુધનું ઉત્પાદન 43 % વાર્ષિક છે.

**ગુજરાતમાં સહકારી ડેરી વ્યવસાય:**

1939 માં શ્રી લલ્લુભાઈ હીરાભાઈ પટેલ જેવા ખેડુત સામાજિક કાર્યકરની રાહબર હેઠળ 21/12/1939 ના રોજ મુંબઈ રાજય સહકારી ખાતા દ્વારા ચોર્યાસી તાલુકા દુધ વેચાણ મંડળીની સ્થાપના કરવામાં આવી. તા.14/12.1946ના રોજ સરદાર વલ્લભભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ખેડા જિલ્લા સહકારી દુધ ઉત્પાદન સંઘ લિ. (અમુલ)ની સ્થાપના થઈ.

**કોષ્ટક-1.3**

**ગુજરાત રાજયના જુદા-જુદા જિલ્લાઓમાં દુધનું ઉત્પાદન (મિલિયન ટનમાં)**

| જિલ્લાનું નામ | 2010-11 | 2014-15 | 2015-16 |
|---|---|---|---|
| અમદાવાદ | 318.25 | 337.18 | 349.25 |
| અમરેલી | 269.08 | 298.12 | 312.18 |
| આણંદ | 337.60 | 345.18 | 379.27 |
| બનાસકાંઠા | 972.54 | 1017.65 | 1038.72 |
| ભરૂચ | 169.10 | 172.00 | 192.36 |
| ભાવનગર | 354.17 | 382.12 | 394.32 |
| દાહોદ | 160.21 | 172.17 | 192.12 |
| ડાંગ | 32.04 | 54.21 | 79.18 |
| ગાંધીનગર | 312.18 | 327.32 | 344.00 |
| જામનગર | 265.25 | 284.17 | 312.00 |
| જુનાગઢ | 344.21 | 354.18 | 369.27 |
| કચ્છ | 298.47 | 318.52 | 342.64 |
| ખેડા | 382.39 | 398.18 | 411.00 |
| મહેસાણા | 635.18 | 644.12 | 657.11 |

| | | | |
|---|---|---|---|
| નર્મદા | 79.39 | 81.31 | 94.00 |
| નવસારી | 188.06 | 191.12 | 198.00 |
| પંચમહાલ | 376.87 | 382.00 | 399.18 |
| પાટણ | 318.94 | 324.51 | 365.00 |
| પોરબંદર | 133.94 | 142.81 | 159.75 |
| રાજકોટ | 410.07 | 422.10 | 449.54 |
| સાબરકાંઠા | 472.41 | 498.32 | 516.10 |
| સુરત | 384.92 | 397.81 | 412.22 |
| તાપી | 92.24 | 127.19 | 144.24 |
| સુરેન્દ્રનગર | 184.26 | 192.28 | 216.14 |
| વડોદરા | 312.14 | 328.32 | 355.37 |
| વલસાડ | 96.97 | 120.00 | 129.14 |
| **ગુજરાત રાજ્ય** | **7900.97** | **8312.92** | **8812.19** |

**માહિતી સ્ત્રોત :** www.Dairy india.com

**સંદર્ભ સૂચિ:**

1. શાસ્ત્રી, આર.વી. સહકાર સિદ્ધાંત અને વ્યવહાર. 1993-94.
2. દુધારા માણેકલાલ એમ. સહકારના સિદ્ધાંતો અને સહકારી ચળવળનું મૂલ્યાંકન, ખેડા જિલ્લા સહકારી સંઘ બોર્ડ લિ. નડિયાદ.
3. શુકલ લક્ષ્મીકાંત પી. સહકારી પ્રવૃતિનો ઇતિહાસ, ખેડા જિલ્લા સહકારી સંઘ બોર્ડ લિ, નડિયાદ. 20.10.93.
4. ગ્રામસ્વરાજ, ગુજરાત રાજ્ય સહકારી સંઘ અમદાવાદ. નવેમ્બર-2002.